# શહેરની પ્રાથમિક શાળાઓમાં ‘આત્મન’ની પ્રોત્સાહક પ્રવૃત્તિ

**આત્મન ફાઉન્ડેશન દ્વારા 'ચાલો, શાળામાં જઈએ' અંતર્ગત ગાંધીનગર શહેર અને માણસા તાલુકાની મળીને ૨૭ શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓ કરાઈ : વિદ્યાર્થીઓને ઇનામો તથા શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું**





ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર શહેરની લગભગ તમામ અને માણસા તાલુકાની પાંચ સરકારી પ્રાથમિક શાળાઓની મુલાકાત લેવામાં આવી હતી. આ શાળાઓના વિદ્યાર્થીઓ સાથે વિવિધ પ્રોત્સાહક પ્રવૃત્તિઓ તરીકે નિબંધ લેખન, વકતૃત્વ, સુલેખન - અનુલેખન, ચિત્ર, રમત સ્પર્ધાઓ, પ્રેરક સામાન્ય જ્ઞાન પ્રશ્નોત્તરી વગેરે યોજવામાં આવ્યા હતા. ખાસ કરીને ધોરણ - ૫ થી ૮ના બાળકોને આમાં જોડવામાં આવ્યાં હતાં. સ્પર્ધાઓમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને ઈનામ અને તમામ બાળકોને પ્રોત્સાહક ઈનામ તરીકે શૈક્ષણિક સામગ્રી નોટબુક, ફૂલસ્કેપ ચોપડા, પેન, પેન્સિલ, રબર, ફૂટપટ્ટી, શાર્પનર અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આત્મન ફાઉન્ડેશન દ્વારા શહેરના સેકટર - ૨, ૩, ૬, ૭, ૮, ૧૩, ૧૬, ૨૦, ૨૧, ૨૩, ૨૪ની બે શાળાઓ, ૨૮, ૨૯, ૩૦, ઈન્દ્રોડા, ફતેપુરા, બોરિજ, ગોકુલપુરા, આદિવાડા, માણસા તાલુકાની ગલથરા, પ્રતાપનગર, અંબોડ, માણસાની વલ્લભનગર, પ્રાથમિક કુમાર શાળા - આ શાળાઓમાં પ્રવૃત્તિઓમાં બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બાળકોએ પણ ખૂબ ઉમળકાથી ભાગ લઈ આનંદ વ્યક્ત કર્યો હતો.તમામ શાળાના આચાર્યોઅને શિક્ષકોએ પણ ઉમદા સહયોગ આપ્યો હતો. બાળકોએ નિબંધ લેખનમાં મને શું થવું ગમે, મારો પ્રિય તહેવાર, મારી શાળા, મારી માતા, મારું ગામ - શહેર, પ્રકૃતિનું જતન કરીએ જેવા વિષયો પર એમની કલ્પના મુજબ સરસ વિચારો રજૂ કર્યા હતા અને સાથે સાથે વિદ્યાર્થીઓને વિવિધ શબ્દો, જોડણી, ભાષા, દેશ - દુનિયાની જાણવા જેવી વાતો, આપણા શરીરની રચના વગેરે જેવી જાણકારી સાથે પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી.

તા. ૮ માર્ચથી ૨૬ માર્ચ સુધી અને આજે તા. ૩૦ એપ્રિલના રોજ વધુ એક શાળામાં પ્રેરક પ્રવૃત્તિ કરવામાં આવી હતી. ૩૦ એપ્રિલના રોજ સેકટર - ૨ ની સરકારી શાળાના બાળકોને સ્લીપર અને પેન્સિલ - રબરની કીટનું વિતરણ કરી તેમની સાથે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. આ બાળવિકાસની પ્રવૃત્તિમાં આત્મન સંસ્થાના સહયોગીઓ પ્રજ્ઞાબેન પટેલ, દિવ્યાબેન વરિયા, રાજેન્દ્રભાઈ સુથાર, ડંકેશભાઈ ઓઝા, ભારતીબેન ઓઝા, સુધાબેન પટેલ, દુર્ગેશ વરિયા જોડાયા હતા. તો અનુકૂળતા મુજબ સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, મહેન્દ્રભાઈ ચૌહાણ વગેરે પણ સહભાગી બન્યા હતા. સંસ્થા દ્વારા તમામ શાળાઓના આચાર્યશ્રી અને શિક્ષકોનો આભાર માનવામાં આવ્યો હતો. આત્મન દ્વારા સરકારી શાળાઓમાં આવી પ્રોત્સાહક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે, જે કોરોના સમય દરમ્યાન થઈ શકી નહોતી, એટલે આ વખતે શાળાઓ નિયમિત થતાં કરવામાં આવી હતી. બાળકોને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## શહેરમાં યોગ શિબિર અને રેલીનું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત રાજયમાં યોગની પ્રવૃત્તિને વ્યાપક પ્રમાણમાં વિકસાવવા માટે અને જનજન સુધી યોગનો પ્રચાર પ્રસાર થાય તે માટે રાજય સકારશ્રી દ્વારા ગુજરાત રાજયયોગ બોર્ડની રચના કરવામાં આવી છે. બોર્ડનો હેતુ રાજયના દરકે નાગરિકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

આપણા દેશના લોકલાડીલા માન.વડાપ્રધાનશ્રીના યોગમય ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે તથા યોગમય ગાંધીનગર બનાવવા માટે ગુજરાત રાજય યોગ બોર્ડ તથા ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે તા. ૩-૫-૨૦૨૨ તથા તા. ૪-૫-૨૦૨૨ના રોજ સવારના ૫.૩૦ થી ૭.૩૦ કલાક સુધી રંગમંચ ગ્રાઉન્ડ, પંચેદવ મંદિર પાસે સે-૨૨ ગાંધીનગર ખાતે યોગ શિબિર કાર્યક્રમ તથા રેલીનું આયોજન કર્યું છે. જે સાંજે ૫ વાગ્યે પંચદેવ મંદિરથી રેલી નીકળશે. તો આ કાર્યક્રમમાં પધારવા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગુજરાત પ્રાકૃતિક કૃષિનું મોડેલ સ્ટેટ બનીને દેશના ખેડૂતોને પ્રેરિત કરશે

જામનગર, તા.૩૦

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતે જામનગર ખાતે પ્રાકૃતિક કૃષિ પ્રચાર પ્રસાર અભિયાનનો શુભારંભ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજય પ્રાકૃતિક કૃષિનું મોડેલ સ્ટેટ બનીને દેશના ખેડૂતોને પ્રેરિત કરશે. તેમણે જણાવ્યું હતું કે, અંગ્રેજોની



ગુલામીમાંથી દેશને મુક્તિ અપાવી એજ રીતે જનશક્તિના સામર્થ્યથી રાસાયણિક કૃષિના દુષ્પરિણામોથી દેશને મુક્તિ અપાવવા ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે.

જામનગર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે જિલ્લા પ્રશાસન દ્વારા શરૂ કરવામાં આવેલા પ્રાકૃતિક કૃષિ પ્રચાર પ્રસાર અભિયાનનો શુભારંભ કરાવતા રાજયપાલએ જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વ રાસાયણિક કૃષિના દુષ્પરિણામથી ત્રસ્ત છે, ગ્લોબલ વોર્મિંગની સમસ્યામાં ૨૪%જેટલો ફાળો રાસાયણિક કૃષિનો છે, રાસાયણિક ખાતર અને જંતુનાશકોના બેફામ ઉપયોગથી જળ, જમીન અને પર્યાવરણ દૂષિત થઈ રહ્યા છે. જમીનની ફળદ્રુપતા ઘટતા જમીન બંજર બની રહી છે. રાસાયણિક કૃષિથી ઉત્પન્ન થતાં દુષિત ખાધાન્નના કારણે લોકો કેન્સર, ડાયાબિટિસ, હૃદયરોગ જેવા અસાધ્ય રોગોના ભોગ બની રહ્યા છે, રાસાયણિક કૃષિમાં દિન-પ્રતિદિન કૃષિ ખર્ચ વધતો જાય છે અને ઉત્પાદન ઘટતું રહ્યું છે, સરવાળે ખેડૂતોની આર્થિક સ્થિતિ કથળી રહી છે. રાસાયણિક કૃષિના આ દુષ્પરિણામોમાંથી મુક્તિ મેળવવા પ્રાકૃતિક કૃષિ એક મજબૂત વિકલ્પ હોવાનું રાજયપાલએ જણાવ્યું હતું.

પ્રાકૃતિક કૃષિથી અનેક લાભ મળે છે તેની વિગતો આપતા રાજયપાલએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ થી જળ-જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે. એક દેશી ગાયની મદદથી ૩૦ એકર ભૂમિમાં પ્રાકૃતિક કૃષિ થઈ શકે છે તેના કારણે કૃષિ ખર્ચ નહિવત થાય છે અને ઉત્પાદનમાં ઘટાડો થતો નથી. પ્રાકૃતિક કૃષિ દ્વારા ઉત્પાદિત કૃષિ પેદાશોના ભાવ પણ પ્રમાણમાં વધુ મળે છે અને સરવાળે ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત થાય છે. પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદન ઘટતું નથી એમ સ્પષ્ટ જણાવતા રાજયપાલે ઉમેર્યું હતું કે, પ્રાકૃતિક કૃષિના બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, વાપ્સા, મલ્ચીંગ અને મિશ્ર પાકના સિદ્ધાંતને અનુસરીને પૂર્ણ વિધિથી પ્રાકૃતિક કૃષિ કરવામાં આવે તો ઉત્પાદન ઘટતું નથી.

# ગાંધીનગર ખાતેથી આજે સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૨ (દિવ્યાંગ) બ્લાઈન્ડ જિલ્લાકક્ષાની સ્પર્ધાનો આરંભ

**સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૨(દિવ્યાંગ) માનસિક ક્ષતિગ્રસ્ત તથા ડેપ્થ જીલ્લાકક્ષાની સ્પર્ધા ૧લી મે ના રોજ પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેક્ટર-૭ ખાતે યોજાશે**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૨(દિવ્યાંગ) બ્લાઈન્ડ જીલ્લાકક્ષાની સ્પર્ધાનો આરંભ રોજગાર અને પંચાયત મંત્રી બ્રિજેશ મેરજાની ઉપસ્થિતિમાં તા. ૧-૫-૨૦૨૨ ના રોજ સવારના ૭ કલાકે બ્રહ્મસમાજની વાડી, સેક્ટર-૧૬ મેદાન, ગાંધીનગર ખાતે કરવામાં આવશે.

ખેલમહાકુંભ-૨૦૨૨માં બહોળી સંખ્યામાં સ્પર્ધકો ભાગ લે તે હેતુથી પ્રથમ શાળા/ગ્રામ્ય/ઝોન/તાલુકા/જિલ્લા/મહાનગરપાલિકા અને ઝોન (ટીમ રમત)/રાજ્યકક્ષા સુધી વિવિધ રમતોનો જુદા જુદા વયજુથમાં સમાવેશ કરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૨(દિવ્યાંગ) બ્લાઈન્ડ જીલ્લાકક્ષાની સ્પર્ધા તા. ૧-૫-૨૦૨૨ ના રોજ બ્રહ્મસમાજની વાડી, સેક્ટર-૧૬ મેદાન ખાતે આયોજન કરવામાં આવ્યું છે. સ્પે.ખેલમહાકુંભ-૨૦૨૨(દિવ્યાંગ) માનસિક ક્ષતિગ્રસ્ત તથા ડેપ્થ જીલ્લાકક્ષાની સ્પર્ધા તા. ૧-૫-૨૦૨૨ ના રોજ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેક્ટર-૭ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્પર્ધા સ્થળ પર ઓફલાઈન રજીસ્ટ્રેશન કરી દિવ્યાંગ ખેલાડીઓ ભાગ લઈ શકશે.

વધુમાં તા. ૩ થી ૧૨ મે દરમિયાન તાલુકા/ઝોનકક્ષાએ વિજેતા ખેલાડીઓ માટે જિલ્લા/નગરપાલિકાકક્ષાની સ્પર્ધાઓ યોજાશે. તથા તા.૧૫ થી ૧૯ મે દરમિયાન ઝોન(રાજ્યકક્ષા) અને તા. ૧૫ થી ૨૯ મે દરમિયાન રાજ્યકક્ષા તથા સીધી રાજ્યકક્ષાએ યોજાતી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉક્ત અન્વયે ખેલ મહાકુંભ માં જુદી જુદી કક્ષાની સ્પર્ધામાં ૧ થી ૩ ક્રમ મેળવનાર ખેલાડીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવતા હોય છે, તેવુંજિલ્લા રમત ગમત અધિકારીશ્રી, ગાંધીનગર દ્વારા જણાવ્યું છે.

# આજે સે.૪ના આહિર યુવાનને "ભારત ગૌરવ પુરસ્કાર"થી સન્માનિત કરાશે

**માઇક્રો બાયોલોજી ક્ષેત્રે ઉત્તમ સિધ્ધિ અને નોંધપાત્ર ફાળો આપવા બદલ જય અશ્વિનભાઇ જાટીયાને નવી દિલ્હીની કેટીકે આઉટસ્ટેન્ડિંગ એચિવર્સ એન્ડ એજ્યુકેશન ફાઉન્ડેશન સન્માનિત કરશે**



ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના યુવાનો વિવિધ ક્ષેત્રે પોતાની પ્રતિભા ઝળકાવતા રહે છે અને પાટનગરને વિશેષ ગૌરવ અપાવતા રહે છે. આવતી કાલે ગુજરાત સ્થાપના દિવસના શુભ અવસરે શહેરના સેકટર-૪ના યુવા વિજ્ઞાની જય અશ્વિનભાઈ જાટીયાને નવી દિલ્હીની એક સંસ્થા દ્વારા "ભારત ગૌરવ પુરસ્કાર" એનાયત કરવામાં આવશે.

ગાંધીનગરના સેક્ટર-૪માં રહેતા જય અશ્વિનભાઈ જાટીયાને નવી દિલ્હીની કેટીકે આઉટસ્ટેન્ડિંગ એચિવર્સ એન્ડ એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા માઈક્રો બાયોલોજી ક્ષેત્રે ઉત્તમ સિધ્ધિ અને નોંધપાત્ર ફાળો આપવા બદલ નોમિનેટ કરવામાં આવતાં તા.૧લી મે, ૨૦૨૨ના રોજ "ભારત ગૌરવ પુરસ્કાર" એનાયત કરવામાં આવશે. જય જાટિયા તેમના પસંદગીના સંશોધન ક્ષેત્રમાં "રીસર્ચ સાયન્ટીસ્ટ"તરીકે પ્રેરણા બાયો-ઈનોવેશન્સ રીસર્ચ પ્રા.લિ. ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે. તેમજ તેઓ એમએઆર માઈક્રો બાયોલોજીના બ્રિટિશ જર્નલમાં એડિટોરિઅલ બોર્ડ મેમ્બર તરીકે અને અમેરિકન સોસાયટી ફોર માઈક્રોબાયોલોજીમાં કોન્ટ્રિબ્યુટિંગ મેમ્બર તરીકે પણ માનદ સેવાઓ આપી રહ્યાં છે. તેમની સ્વર્ણિમ સિધ્ધિ બદલ ગાંધીનગરના આહીર યુવા ફોરમ તરફથી અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવમાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જયના પિતા અશ્વિનભાઈ જાટીયા મૂળ રાજકોટના વતની છે અને હાલ ગાંધીનગરમાં નવા સચિવાલય ખાતે ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગમાં સેકશન અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યાં છે અને તેઓ પ્રકૃતિ પ્રેમી હોવા સાથે છેલ્લાં ૨૪ વર્ષથી ખૂબ જ સક્રિય રીતે કાર્યરત સામાજિક સંસ્થા આહીર યુવા ફોરમ ગાંધીનગરમાં પણ સ્વૈચ્છિક સેવાઓ આપી રહ્યાં છે.

## પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ગુણવંતરાય આચાર્યની નવલકથાઓની નાયક સાહસિક ગુજરાતીઓ અને એમની પરાક્રમકથાઓ વાંચતાં રોમાંચ થઈ જાય છે..ગુજરાતના સંતો અને એમની સેવાઓ અને સતત ચાલતાં સદાવ્રતો સીમાચિહ્નરૂપ ઘટનાઓ છે..સ્વામીનારાયણ ભગવાન, જલારામ બાપા, બગદાણાના બાપા સીતારામ કે આપા ગીગા જેવા મહામાનવોએ જગાવેલી માનવતાની મહેંક હજુ પણ ચાલી રહી છે...પૂજ્ય રવિશંકર મહારાજ,ઠક્કર બાપા ,,જુગતરામ દવે જેવા ગાંધીવાદીઓએ સામાજિક ઉત્થાન માટે કરેલા પ્રયાસો એની શાન છે..ગુજરાત એટલે સેવા..આપત્તિ સામે અડીખમ રહી ફરીથી ચેતવ્યા થઈ બહાર આવવું એ પણ એની ખાસિયત રહી છે..

છ દાયકાની એની ગૌરવપૂર્ણ સફર આપણા સહુના સહિયારા પ્રયાસોની દેન છે..ભારતમાં એની ઓળખ એક પ્રગતિશીલ રાજય તરીકે થાય છે... ગુજરાત એટલે વિકાસની હરણફાળ... સાહસિક ઉદ્યોગપતિઓની ભૂમિ... દેશ અને દુનિયાને દિશા આપે એવા રાજપૂરૂષોની ધરતી... ઉત્તરમાં અંબા માત અને એની ધજા આધ્યાત્મિકતાની એક લહેર પ્રસરાવે છે આખા જગતમાં... પશ્ચિમમાં સોમનાથની શાન..સુવર્ણનગરી દ્વારકાનો વૈભવ... પૂર્વમાં શામળાજીનો રણઝણિયો મેળો અને કાળિયા ઠાકરેની કૃપા. દક્ષિણમાં તાપી નર્મદા અને ભૃગુ કચ્છ એટલે કે ભરૂચનો વૈભવ. કુંતેશ્વર મહાદેવનો દબદબો..આધુનિક ગુજરાતની આગવી ઓળખ એટલે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઑફ યુનિટિ અને સરદાર સરોવર ડેમની કમાલ...એક અદ્ભૂત નજારો બની જાય છે ગુજરાત !

ગુજરાત એટલે ગરિમા... સાહસ... ડહાપણ અને કોઠાસૂઝ, વેપારધંધાનો ઈલમ, હરિયાળી ક્રાંતિ કે શ્વેત ક્રાંતિની સાફલ્યગાથા... ગુજરાતી ભાષાનો એક આગવો અંદાજ છે..એના ગરબા અને લોકગીતોનો ગજબ વારસો છે... ચંદ્રકાંત બક્ષી એને મહાજાતિ ગુજરાતીઓનો સમૂહ કહે છે... કવિ ખબરદાર કહે છે ‘અર્પી દઉં સો જન્મ એવડું મા તુજ લ્હેણું...’ આપણે સહુ એનાં વ્હાલસોયાં સંતાનો છીએ... આજના દિવસનો મહિમા કરી એનું ગૌરવગાન કરીએ ... જય જય ગરવી ગુજરાત !



સ્વ.સવિતાબેન રમણલાલ પારેખની ૨૭ મી પુણ્યતિથી નિમિત્તે તેમજ રમણલાલ મંગળદાસ વાળંદની તિથિ પ્રમાણે કૃષ્ણ મંડળની મહિલાઓ દ્વારા ભજનની રમઝટ બોલાવી પ્રસાદ સાથે સ્ટીલની ડીશો વિતરણ કરવામાં આવી હતી.

## મોતની છલાંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. હોસ્ટેલમાં રહેતી આસ્થા શનિવાર અને રવિવારની રજામાં ઘરે જતી હતી. ત્યારે હાલ તબિબિ વિદ્યાર્થીઓની પરિક્ષા પણ ચાલી રહી છે જેમાં આસ્થાને પણ રીપીટરની પરિક્ષા હતી. ત્યારે આજે સવારના સમયે અચાનક હોસ્ટેલના ધાબા પરથી આસ્થાએ મોતની છલાંગ લગાવી જીવન ટુંકાવી દીધુ હતું. જયારે બનાવની જાણ થતા મેડીકલ કોલેજમાં ભણતા વિદ્યાર્થી ભાઈ બહેનો સહિત નાગરીકો તાત્કાલીક દોડી આવ્યા હતા. બનાવની જાણ થતા પીએસઆઈ દિપક પરમાર પણ સ્ટાફના માણસો સાથે આવી પહોંચ્યા હતા. જયારે મળતી માહિતી મુજબ આસ્થાના રૂમમાંથી અંગ્રેજીમાં સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. જેમાં માતા-પિતાને સંબોધીને લખેલ છે કે મમ્મી-પપ્પા સોરી ભણવાના લીધે આ પગલુ ભરુ છુ હું જાઉ છું. પોલીસે હાલમાં મેડીકલમાં સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પણ પુછતાછ શરુ કરી છે. પોલીસે મૃતદેહને પીએમઅર્થે મોકલી આપી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગત તા.૧૪ એપ્રિલના રોજ આસ્થાનો જન્મ દિવસ હતો. મેડીકલના અભ્યાસના બીજા વર્ષમાં એટીકેટી આવી હોવાથી તેની પરિક્ષા ચાલી રહી હતી. ગતરોજ આસ્થાનું પેપર ખરાબ ગયુ હતું. જેથી તેણીએ પરિવારજનો સાથે વાત કરતા સમયે રડવા લાગી હતી. જયારે દાદાએ વસંતભાઈએ તેને સાંત્વના પણ આપી હતી. જયારે તેના કાકાએ ફોન કરીને નાસ્તો આપી જવાની વાત કરતા તેણે કેન્ટીનમાં જમી લઈશ તેમ જણાવ્યું હતું. જયારે આસ્થા ધોરણ-૧૦ સુધી દુબઈમાં અભ્યાસ કર્યો હતો. ગાંધીનગર મેડીકલ કોલેજમાં એનઆરઆઈ કવોટામાં એડમીશન મેળવ્યુ હતું. જયારે તેના માતા-પિતા અને એક નાનો ભાઈ દુબઈ રહે છે. ત્યારે હોસ્ટેલના રૂમમાં એકલી રહેતી આસ્થાએ ભણતરના ભાર નીચે ધાબા પરથી મોતની છલાંગ લગાવી દેતા કેમ્પસમાં શોકનુ મોજુ ફરી વળ્યું હતું.

## ‘આપ’નો ડર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાતની બે વખત મુલાકાત લેતાં આ ચર્ચાઓને વેગ મળ્યો હતો. એક તબક્કે તો એવું લાગતું હતું કે ગુજરાત મુલાકાત પતાવીને વડાપ્રધાન દિલ્હી જવા પરત ફર્યા ત્યારે જ ગુજરાતમાં ચૂંટણીની જાહેરાત થઇ જશે. જોકે આજે યોજાયેલી બેઠકે અનેક તર્કવિતર્કો વહેતા કર્યા હતાં તેમાં અરવિંદ કેજરીવાલના ટ્વિટે બળતામાં ઘી હોમવાનું કામ કર્યુ છે. આ બેઠક પછી કેજરીવાલે વ્યક્ત કરેલો અંદેશો ખરેખર સાચો છે કે પછી તેમણે આગોતરું ટ્વિટ કરીને કોઇ પોલિટીકલ દાવ ખેલ્યો છે તે તો આવનારો સમય જ કહેશે..

## કામ નહી લાગે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂંટણીમાં ત્રીજા મોરચા તરીકે ઉભરી આવવામાં મદદ કરી રહ્યા છે?

પ્રશાંત કિશોરે આ સવાલના જવાબમાં કહ્યું કે, "મને ક્યારેય વિશ્વાસ નહોતો કે આ દેશમાં કોઈ ત્રીજો કે ચોથો મોરચો ચૂંટણી જીતી શકે છે. જો અમે ભાજપને પ્રથમ મોરચો માનીએ છીએ તો તેમને હરાવવા માટે બીજો મોરચો હોવો જોઈએ. જો કોઈપણ પક્ષ ભાજપને હરાવવા માંગતો હોય તો તે પક્ષે બીજા મોરચા તરીકે મજબૂતી રીતે ઉભરી આવવું પડશે’’

એક પ્રશ્નના જવાબમાં પીકેએ કહ્યું કે, તેઓ કોંગ્રેસને અન્ય મોરચા તરીકે માનતા નથી. તેમના મતે કોંગ્રેસ પાર્ટી દેશની માત્ર બીજી સૌથી મોટી પાર્ટી છે અને તે જ બીજા મોરચાનું નેતૃત્વ કરશે.


સત્યમેવ જયતે ગુજરાત સરકાર

આઝાદી નો અમૃત મહોત્સવ

**રાજ્યના ૭૦.૮૬ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૮ કરોડ જનસંખ્યાને મે-૨૦૨૨ મહિનાના રાહતદરના નિયમિત વિતરણ સબંધિત અગત્યની રેશનકાર્ડ ધારક જોગ જાણકારી**

**જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળના મે મહિનાના નિયમિત વિતરણમાં મળવાપાત્ર ઘઉં, ચોખા, તુવેરદાળ, બાજરી, મકાઈ, ખાંડ અને મીઠાના જથ્થાની વિગત નીચે મુજબ છે**

| ક્રમ | વસ્તુ | કેટેગરી | જિલ્લા | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો | ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, મહિસાગર, આણંદ, બનાસકાંઠા અને અરવલ્લી સિવાયના (૨૩) જિલ્લા માટે | કાર્ડ દીઠ ૨૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો | | વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા | |
| ૩ | | અંત્યોદય કુટુંબો | ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ (૭) જિલ્લા માટે | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા | |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો | | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| ૫ | | અંત્યોદય કુટુંબો | મહિસાગર, આણંદ અને બનાસકાંઠા (૩) જિલ્લા માટે | કાર્ડ દીઠ ૨૩ કિ.ગ્રા | |
| ૬ | | અગ્રતા ધરાવતા કુટુંબો | | વ્યક્તિદીઠ ૧.૫ કિ.ગ્રા | |
| ૭ | | અંત્યોદય કુટુંબો | અરવલ્લી જિલ્લા માટે | કાર્ડ દીઠ ૨૨.૫ કિ.ગ્રા | |
| ૮ | | અગ્રતા ધરાવતા કુટુંબો | | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા | |
| ૯ | ચોખા | અંત્યોદય કુટુંબો | ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ સિવાયના (૨૭) જિલ્લા માટે | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા | ૩.૦૦ |
| ૧૦ | | અગ્રતા ધરાવતા કુટુંબો | | વ્યક્તિદીઠ ૧.૫ કિ.ગ્રા | |
| ૧૧ | | અંત્યોદય કુટુંબો | ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ (૭) જિલ્લા માટે | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા | |
| ૧૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો | | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા | |
| ૧૩ | બાજરી★ | અંત્યોદય કુટુંબો | મહિસાગર, આણંદ અને બનાસકાંઠા (૩) જિલ્લા માટે | કાર્ડ દીઠ ૨ કિ.ગ્રા | ૧.૦૦ |
| ૧૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો | | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| ૧૫ | મકાઈ★ | અંત્યોદય કુટુંબો | અરવલ્લી જિલ્લા માટે | કાર્ડ દીઠ ૨.૫ કિ.ગ્રા | ૧.૦૦ |
| ૧૬ | | અગ્રતા ધરાવતા કુટુંબો | | વ્યક્તિદીઠ ૦.૫૦૦ કિ.ગ્રા | |
| ૧૭ | તુવેરદાળ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | તમામ જિલ્લા માટે | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૫૦.૦૦ |
| ૧૮ | આયોડાઈઝ મીઠું | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | તમામ જિલ્લા માટે | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૧.૦૦ |
| ૧૯ | ખાંડ નિયમિત | અંત્યોદય કુટુંબો | તમામ જિલ્લા માટે | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૨૦ | | બીપીએલ | | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૨૧ | કેરોસીન | કેરોસીન પાત્રતા ધરાવતા બીપીએલ અને અંત્યોદય કાર્ડધારકો | તમામ જિલ્લા માટે (કેરોસીનની પાત્રતા ધરાવતા) | વ્યક્તિદીઠ ૨ લીટર / મહત્તમ ૮ લીટર | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહતદરે (પ્રતિ લીટર) |

★ જે તે વાજબી ભાવની દુકાન ખાતે બાજરી/મકાઈનો જથ્થો પૂર્ણ થયા બાદ પૂર્વવત ઘઉંના વિતરણ-પ્રમાણ મુજબ જથ્થો મળશે જેની ખાસ નોંધ લેશો.

**વન નેશન, વન રેશનકાર્ડ યોજના**

દેશના અન્ય રાજ્યોના N.F.S.A. રેશનકાર્ડ ધારકો ગુજરાત રાજ્યમાં પણ અન્ન પુરવઠો મેળવી શકશે

ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ વાજબી ભાવની દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકશે

લાભાર્થી પોતાના કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અનાજ મેળવી શકશે

**વ્યાજબી ભાવની દુકાન પરથી આવશ્યક ચીજ વસ્તુઓનો જથ્થો મેળવવા માટે આપના તથા કુંટુંબીજનોના આધારનંબર, મોબાઈલ નંબર, બેંક એકાઉન્ટ નંબરની નોંધણી કરાવવા મામલતદાર કચેરી/ઝોનલ કચેરીનો સંપર્ક કરવા વિનંતી.**

MY RATION

દરેક લાભાર્થીને “My Ration” મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે. આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, મેળવેલ જથ્થો, ઓનલાઈન રિસિપ્ટની વિગતો મેળવી શકશો.

-શ્રી નરેશભાઈ પટેલ, મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ “My Ration” મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.